તારાંકિત પ્રશ્ન                                                                                     ક્રમાંક: પ્ર/

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1372

વિષય:

ગાંધીનગર ખાતે આવેલ કન્વેન્શન હોલની બાકી વસૂલાત

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
| --- | --- | --- |
| 16/01/2024 | તારીખ 07/02/2024 | 22/01/2024 |

*15/4/1372        શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ)

ઉદ્યોગ જણાવવા કૃપા કરશે કે:-

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૩/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૩૩૩૬ (અગ્રતા-૨૫) ના અનુસંધાને માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગાંધીનગર, જૂના હેલીપેડ, સેક્ટર-૧૭ ખાતે આવેલ કેન્વેન્શન હોલ(ડોમ) તા. ૦૧/૦૯/૨૦૧૯થી કે એન્ડ ડી કોમ્યુનીકેશન લીમીટેડને રોયલ્ટીથી આપેલ છે તેની પાસેથી તા.૦૭/૦૩/૨૦૨૦ થી તા.૩૦/૦૯/૨૦૨૧(કોવિડ-૧૯)ના સમયગાળાની બાકી રોયલ્ટીની રકમ રૂ.૧૩,૦૮,૧૬,૧૧૦/- ભરવામાંથી મુક્તિ આપવા એજન્સીએ માંગણી કરેલ જે બાબત વિચારણા હેઠળ હતી અને તા.૩૦/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધીની બાકીની રોયલ્ટીની રકમ રૂ.૬,૩૩,૪૫,૦૦૦/- ભરવા માટે એજન્સીને પત્રવ્યવહાર/નોટીસ આપવામાં આવેલ છે તે પૈકી કેટલી રકમ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વસુલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત એજન્સીને કયા પ્રકારની કેટલી રકમ ભરવામાંથી મુક્તિ આપવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત એજન્સી પાસેથી કેટલી રકમ વસુલવાની બાકી છે, બાકી રકમ વસુલવા શા પગલાં લેવામાં આવ્યા?

----